# **પર્યાપ્તિ**

## (A)

**કુલ છ પર્યાપ્તિઓ છે તેમના નામ આ પ્રમાણે છે.....**

**(1) આહારપર્યાપ્તિ**

**(2) શરીરપર્યાપ્તિ**

**(3) ઇન્દ્રિયપર્યાપ્તિ**

**(4) શ્વાસોચ્છ્વાસપર્યાપ્તિ**

**(5) ભાષાપર્યાપ્તિ**

**(6) મનપર્યાપ્તિ**

## (B)

**1, આ છ પર્યાપ્તિઓમાંથી એકેન્દ્રિય જીવોની પહેલી ચાર પર્યાપ્તિઓ હોય છે.**

**2, ભાષા અને મનપર્યાપ્તિઓ તેઓને હોતી નથી.**

**3, દ્વિન્દ્રિય, ત્રિઇન્દ્રિય, ચતુરિન્દ્રિય અને અસંજ્ઞિ પંચેન્દ્રિયોમાં પાંચ પર્યાપ્તિઓ  હોય છે.**

4, તેમને મનપર્યાપ્તિ હોતી નથી.

5, સંજ્ઞિ પંચેન્દ્રિયોમાં છ  પર્યાપ્તિઓ  હોય છે.

6, આ બધી  પર્યાપ્તિઓની શરૂઆત એક જ સમયમાં થાય છે પણ પૂર્ણતા ક્રમથી થાય છે.

**(C)**

1, પ્રત્યેક પર્યાપ્તિને  એક અંતર્મુહૂર્તનો સમય લાગે છે.

2, અને  બધાં મળીને પણ એક અંતર્મુહૂર્તનો સમય લાગે છે.

3, બીજી શરીર પર્યાપ્તિ પૂર્ણ થતાં પહેલા જીવને 'નિવૃત્તિ અપર્યાપ્ત' કહેવાય છે.

4, નિવૃત્તિ એટલે નિષ્પત્તિ, ત્યારબાદ આ જીવોને પર્યાપ્ત કહે છે.


5, આ જીવોને પર્યાપ્ત નામના  નામકર્મનો ઉદય હોય છે.

6, પણ લબ્ધિ અપર્યાપ્ત જીવોને અપર્યાપ્ત નામ કર્મનો ઉદય હોય છે.

7, અપર્યાપ્ત એકેન્દ્રીયોને, વિકલેન્દ્રિયોને, અસંજ્ઞિ પંચેન્દ્રિયોને અને સંજ્ઞિ જીવોને અનુક્રમે ચાર, પાંચ, પાંચ અને છ પર્યાપ્તિ શરુ તો થાય છે પણ એક પણ પર્યાપ્તિ પુરી થતી નથી.

8, આવા જીવ શ્વાસના અઢારમાં ભાગમાં જ મરણને  પામે છે.

---



જન્મ
સમ્મૂર્ચ્છન
ઉપપાદ
તિર્યંચ
મનુષ્ય
દેવ
નારકી
જરાયુજ
અંડજ
પોતજ
તિર્યંચ
(વાઘ,સિંહ,હરણ વગેરે)
તિર્યંચ
(ચકલી,કબૂતર વગેરે)
તિર્યંચ
મનુષ્ય
(ગાય, બકરી વગેરે)

**ભૂમિ**

કર્મભૂમિ ભોગભૂમિ

(1) કર્મભૂમિ:- જ્યાં અસિ, મસિ, કૃષિ, વાણિજ્ય,વિદ્યા અને શિલ્પ એ છ કર્મની પ્રવૃત્તિ હોય તેને કર્મભૂમિ કહે છે.

(2) ભોગભૂમિ:- દશ પ્રકારના કલ્પવૃક્ષમાંથી ભોગસામગ્રી મેળવે છે. જેમકે વસ્ત્રાંગ, દીપાંગ, ગૃહાંગ, પાત્રાંગ, ભૂષણાંગ, વગેરે.

**********************************************************************